દાખલ તા:– ૩૦–૦૫–૨૦૧૪
નોંધ્યા તા.:–૩૦–૦૫–૨૦૧૪
ફેસલ તા.:– ૨૨–૦૭–૨૦૧૯
સમયગાળો:–વર્ષ–માસ–દિવસ
૦૫– ૦૧– ૨૨

सत्यमेव जयते

અમદાવાદના મહે. અધિક ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કોર્ટ નં.–૩૫ માં

<u>ફો.કે.નં. ૧૧૯૬–૧૪</u>

આંક–

ફરીયાદી: રવિ કમલેશભાઈ શાહ
તે મેસર્સ વીર ફેબ્રીકસ ના પ્રોપરાઈટર
ઠે.દુકાન નં ૪ , સી.એસ.નં. ૨૦૭,
મન ઓર્નામેન્ટ ની ઉપર , હોલમાર્ક કોમ્પ્લેક્ષ પાસે,
એમ.જી.હવેલી રોડ, માણેક ચોક , અમદાવાદ

વિરૂધ્ધ

આરોપી: રૂચી આકાશ બાંગા
તે મેસર્સ શ્રીજી એપરલ્સ ના પ્રોપરાઈટર
ઠે: ૫, દર્શન કોમ્પ્લેક્ષ , નિધી હોસ્પિટલ સામે ,
સ્ટેડિયમ રોડ, નવરંગપુરા ,અમદાવાદ
રહે: ૨૦૪,બીજો માળ, નીલદીપ ટાવર ,નવરંગ હાઈસ્કુલ પાસે ,નવદીપ હોલ પાછળ , નારણપુરા ,અમદાવાદ

ગુનો:–નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબનો...

ફરીયાદપક્ષ તરફે : વિ.વ.શ્રી આર.એચ. વર્મા

આરોપીપક્ષ તરફે : વિ.વ.શ્રી બી.એસ.પંચાલ

–:: જ જ મે ન્ટ ::–

૧. આ કામના ફરીયાદપક્ષની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના ફરીયાદી મેસર્સ વીર ફેબ્રીકસ ના નામથી કાપડનો વેપાર ધંધો કરતા હોય અને આરોપી મેસર્સ શ્રીજી એપરલ્સ ના નામથી નવરંગપુરા કાપડાનો શોરૂમ ધરાવી વેપાર ધંધો કરે છે. આરોપી એ ફરીયાદી ની પેઢી પર આવી બે માસની ક્રેડીટ પર માલ ખરીદવાનું જણાવેલ પરંતુ ફરીયાદી આરોપી ને ઓળખતા ન હોય બીલની રકમનો ચેક આપ્યે થી માલ આપવાની વાત કરતા આરોપી એ ફરીયાદની પેઢીમાંથી બીલ નં ૧૦૫ થી રૂ. ૧,૫૦,૦૦૦/– નો માલ ખરીદ કરેલ અને તે જ વખતે આરોપી એ તેઓની યુનિયન બેંક ઓફ ઈન્ડિયાની ડ્રાઈવીંગ રોડ શાખા નો ચેક નં ૧૨૩૨૫૩ નો તા.૧૯/૦૨/૧૪ નો રૂ. ૧,૫૦,૦૦૦/– નો શ્રીજી એપરલ્સ ના પ્રોપરાઈટર તરીકે સહી કરીને ફરીયાદીને આપેલ અને પાકીતી તારીખે ભરવાનું કહેલ ત્યારબાદ આરોપી એ માલના નાણા પેટે આપેલ ચેક ના નાણા ની ફરીયાદી એ માંગણી કરતા આરોપી એ ફરીયાદી ને આપેલ ચેક તા.૧૦/૦૪/૧૪ ના રોજ બેંક માં ભરવાનું જણાવેલ જેથી ફરીયાદી એ તા.૧૦/૦૪/૧૪ ના રોજ તેઓના ખાતાની બેંક સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયાની ગાંધી રોડ શાખામાં ચેક ભરતા સદર ચેક ''ઈનસફીસીયન્ટ ફંડ'' ના શેરાથી તા. ૧૧/૦૪/૧૪ ના રોજ પરત આવતા, ફરીયાદીએ તેમના વકીલશ્રી મારફતે તા.૨૬/૦૪/૧૪ ના રોજ રજીસ્ટર પોસ્ટથી આરોપીને ધંધા અને રહેણાંકના સરનામે લેખિત નોટીસ આપતાં તે નોટીસ આરોપી બજી ગયેલ અને આરોપી એ ચેકના નાણા આપેલ નથી અને તેમના વિદવાન વકીલશ્રી દવારા તા.૦૬/૦૫/૧૪ ના રોજ નોટીસનો ખોટો અને ઉડાઉ જવાબ આપેલ જેથી આ કામના આરોપીએ ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટ–૧૮૮૧,

ની કલમ:૧૩૮ સજાને પાત્ર ગુનાહીત કૃત્ય કરેલ હોવાની હાલની ફરીયાદ તા.૩૦–૦૫–૨૦૧૪ ના રોજ નામ. કોર્ટમાં રજુ કરવામાં આવેલ છે.

૨. સદરહુ ફરીયાદ રજુ કરતાં ફોજદારી કાર્યરીતિ સંહિતા:૧૯૭૩ની કલમ:૨૦૪ અન્વયે આરોપી સામે સમન્સ કાઢવામાં આવ્યા હતા. જેની ધોરણસરની બજવણી થતાં આરોપી તેમના વિ.વકીલશ્રી મારફતે હાજર થતાં, ફરીયાદની તથા દસ્તાવેજોની નકલો આપી.આરોપીની પ્લી આંક–૦૬ થી ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૫૧ મુજબ નોંધવામાં આવેલ હતી. જે અન્વયે આરોપીએ ગુન્હો કબુલ કરવાનો ઈન્કાર કરેલ હોવાથી હાલના કેસની ઈન્સાફી કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી.

૩. આ કામે ફરીયાદપક્ષ તરફે તેમના કેસના સમર્થનમાં નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવ્યા છે.

મૌખિક પુરાવા :–

ક્રમ	મૌખીક પુરાવાની વિગત	આંક
૧.	ફરીયાદી રવિ કમલેશભાઈ શાહ નું સોગંદનામું	૦૩

દસ્તાવેજી પુરાવાઓ :–

ક્રમ	દસ્તાવેજી પુરાવાની વિગત	આંક
૧	ગુમાસ્તાધારાનું પ્રમાણપત્ર	૦૭
૨	ઈનવોઈસ નં ૦૦૫ , તા.૧૫/૦૨/૧૪ ની નકલ	**૦૮**
૩	અસલ ચેક નં ૧૨૩૨૫૩, તા.૧૯/૦૨/૨૦૧૪	૦૯
૪	કાનુની નોટીસ , તા.૨૬/૦૪/૨૦૧૪	૧૦
૫	આર.પી.એડી ની પહોચ ,તા.૨૬/૦૪/૧૪	૧૧,૧૨

૬	આર.પી.એડી ની એકનોલેજમેન્ટ ,તા.૨૮/૦૪/૧૪	૧૩
૭	આર.પી.એડી ની એકનોલેજમેન્ટ	૧૪
૮	નોટીસનો જવાબ ,તા.૦૫/૦૫/૧૪	૧૫
૯	આર.પી.એડી કવર,તા.૦૬/૦૫/૧૪	૧૬
૧૦	સી.એ. ના ઓડીટ રીપોર્ટ ની નકલ આકારણી વર્ષ ૨૦૧૪–૧૫	૧૯
૧૧	વીર ફેબ્રીક્સ નું ખરીદીનું લેઝર	૨૦
૧૨	વીર ફેબ્રીક્સ નું વેચાણ નું લેઝર	૨૧
૧૩	ઈન્કમટેક્સ રીર્ટન આકારણી વર્ષ ૨૦૧૪–૧૫	૨૪
૧૪	આવક નું સ્ટેટમેન્ટ	૨૫
૧૫	ફરીયાદી રવિ શાહના બેંક ખાતાનું સ્ટેટમેન્ટ	૨૬
૧૬	ચેક નં ૧૨૩૨૫૩ નો રીર્ટન મેમો તા.૧૧/૦૪/૨૦૧૪	૪૦

૪. ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે આંક– ૨૭ થી કલોઝીંગ પુરસીસ રજુ થતાં, ફરીયાદપક્ષનો પુરાવો પુર્ણ થતાં, ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ:૩૧૩ મુજબનું આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલું જેમાં આરોપીએ, તેમની સામેના પુરાવાઓનો ઈન્કાર કરેલો છે અને સોગંદ ઉપર જુબાની આપવાની અને બચાવના સાહેદ તપાસવા છે તેવું જણાવેલ છે જેથી સદર કામ આરોપી પક્ષના પુરાવા નોંધવા માટે રાખવામાં આવેલ

૫. આ કામે આરોપીપક્ષ તરફે તેમના કેસના સમર્થનમાં નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવ્યા છે.

મૌખિક પુરાવા :–

ક્રમ	મૌખીક પુરાવાની વિગત	આંક
૧.	સાહેદ રણજીત વેણુગોપાલ નાય રની સોગંદ પર જુબાની	૨૯
૨.	આરોપી રૂચી આકાશ બાંગા ની સોગંદ ઉપર જુબાની	૩૬

દસ્તાવેજી પુરાવાઓ :–

ક્રમ	દસ્તાવેજી પુરાવાની વિગત	આંક
૧	આરોપીના પેઢીના બેંક ખાતાનું સ્ટેટમેન્ટ	૩૦
૨	સ્ટોપ પેમેન્ટ ની અરજી , તા.૧૨/૦૨/૧૪	**૩૧**
૩	આરોપી ની ખાતું બંધ કરાવ્યાની અરજી , તા.૨૧/૦૭/૧૪	૩૨
૪	યુનિયન બેંક ઓફ ઈન્ડિયાની ડ્રાઈવ ઈન રોડ શાખા નો પત્ર	૩૩
૫	આરોપીનું ખાતું ખોલાવ્યાના ફોર્મ ની નકલ	૩૪

૬. ત્યારબાદ તા.૨૭/૦૧/૧૭ ના રોજ આરોપી પક્ષ દવારા આંક ૦૯ નો તકરારી ચેક ખરાઈ માટે સક્ષમ અધિકારી સમક્ષ મોકલવાની અરજી આપવામાં આવતા બન્ને પક્ષો ને સાંભળ્યા બાદ તા.૦૬/૦૨/૧૭ ના રોજ તે સમય ના મેજીસ્ટ્રેટ શ્રી એ હુકમ કરી સદર અરજી નામંજુર કરેલ ત્યારબાદ પુરતો સમય આપવા છતાં આરોપી પક્ષ દવારા વધુ પુરાવો રજુ કરવામાં ન આવતા આરોપીનો વધુ પુરાવો હકક બંધ કરવામાં આવેલ છે. ત્યારબાદ સદર કામ દલીલ માટે રાખવામાં આવેલ છે અને ફરીયાદ પક્ષની દલીલ સાંભળવામાં આવેલ છે અને પુરતો સમય આપવા છતાં તે સમયે આરોપી કે તેમના વિદવાન વકીલશ્રી હાજર રહેતા ન હોય આરોપી પક્ષનો દલીલ નો હકક બંધ કરવામાં આવેલ છે .

૭. સદર કામે ફરીયાદીના વિ.વકીલશ્રીએ મૌખિક દલીલ કરતાં જણાવેલ છે કે,આરોપી એ ફરીયાદીની પેઢીમાંથી ઉધાર માં આંક ૦૮ મુજબનો માલ ખરીદ કરેલ અને આંક ૦૯ મુજબનો ચેક આપેલ ત્યારબાદ આરોપી પાસે માલના નાણાની ઉઘરાણી કરતા આરોપી એ આંક ૦૯ નો ચેક જમા કરાવવાનું કહેતા તે ચેક અપુરતા ભંડોળના કારણે પરત થયેલ ફરીયાદી એ આંક ૦૮ ના ઈનવોઈસ થી અને પોતાની

પેઢી ના હીસાબો આંક ૧૯ થી આંક ૨૧ મુજબ રજુ કરી પોતાનું કાયદેસરનું લેણું પુરવાર કરેલ છે ચેક પરત થતા ફરીયાદી એ આરોપી ને આંક ૧૦ ની નોટીસ આંક ૧૧ અને આંક ૧૨ ની આર.પી.એડી ની પહોચ મુજબ મોકલેલ જે નોટીસ આંક ૧૩ અને આંક ૧૪ ના એકનોલેજમેન્ટ મુજબ આરોપી ને બજી ગયેલ જેનો આરોપી એ આંક ૧૫ મુજબ જવાબ આપેલ ત્યારબાદ ફરીયાદ ના કામે આરોપી એ આંક ૩૬ થી સોગંદ પર જુબાની આપેલ અને આંક ૨૯ મુજબના સાહેદ તપાસેલ આમ આરોપી એ રજુ કરેલ પુરાવા દયાને લેતાં આરોપી એ આંક ૩૧ ની અરજી થી પોતે ચેક આપેલ હોવાનો સ્વીકાર કરેલ છે અને આંક ૧૫ થી રજુ નોટીસના જવાબ મુજબ આરોપી એ રજુ કરેલ પુરાવા વિરોધાભાસી છે આમ ફરીયાદીએ પોતાનો કેસ મૌખીક અને દસ્તાવેજી પુરાવાઓથી નિશંકપણે પુરવાર કરેલ હોઈ આરોપીને કાયદા મુજબની સજા કરી ચેકની રકમની બમણી રકમ વળતર તરીકે અપાવવા જણાવેલ છે.

૮. સદર કામે આરોપી તથા તેમના વિદવાન વકીલ શ્રી તા.૨૪/૦૫/૧૮ થી હાજર રહેલ હોય તેવું રેકર્ડ જોતાં જણાય આવતું નથી જેથી આરોપી અને તેમના વિદવાન વકીલશ્રી ગેરહાજર રહેલ હોય આરોપી ની દલીલ નો હકક બંધ કરવામાં આવેલ છે.

૯. ફરીયાદની દલીલો અને કેસનું રેકર્ડ ધ્યાને લેતાં સદર કેસના ન્યાયિક નિર્ણયો માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

(૧) શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના તહોમતદારએ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ – ૧૩૮ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે?

(૨) શું હુકમ ?

૧૦. ઉપરોકત મુદ્દાના મારા નિર્ણય નીચે મુજબ છે.

(૧) હકારમાં

(૨) આખરી હુકમ મુજબ.

નિર્ણયો માટેના કારણો

૧૧ હાલના કેસમાં ફરીયાદી અને આરોપી વચ્ચેની તકરારને ધ્યાને લેતાં, આરોપીએ ફરીયાદી ની પેઢીમાંથી માલ ખરીદ કરેલ અને તેની ચુકવણી માટે આંક ૦૯ મુજબનો તકરારી ચેક આપેલ. જે ફરીયાદીએ પોતાની બેન્કમાં કલીયરીંગ માટે ખાતામાં જમા કરાવતાં, ચેક 'ફંડસ ઈનસફીસીયન્ટ 'ના શેરાથી પરત થતાં, નોટીસ આપવા છતાં ચેકની રકમના નાણાં ચુકવી નહિ આપતાં હાલની આ ફરીયાદ કરેલ હોવાની તકરાર છે. જેથી ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ– ૧૧૮ અને ૧૩૯ પ્રમાણેના અનુમાન કરવાના રહે છે અને ધી નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૮ના તત્વો પુરવાર થાય છે કે કેમ? તે ધ્યાને લેવાના રહે છે. જેથી ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની નીચે મુજબની જોગવાઈઓને ધ્યાને લેવી અત્યંત જરૂરી છે.

<u>કલમ–૧૧૮ વટાઉ ખત વિષે માની લેવાની બાબત :</u>

એથી વિરુધ્ધનું સાબિત ન થાય ત્યાં સુધી, નીચે પ્રમાણે માની લેવામા આવશે :

(ક) અવેજ વિષે : દરેક વટાવ ખત અવેજને માટે કરી આપ્યું અથવા લખી આપ્યું હતું, અને એવું દરેક ખત જયારે તે સ્વીકારવામાં આવ્યું હોય, તેના ઉપર શેરો કરી આપવામાં આવ્યો હોય, તે વટાવવામાં આવ્યું હોય અથવા તબદીલ કરવામાં આવ્યું હોય ,

ત્યારે તે અવેજને માટે સ્વીકાર્યુ હતું. તેના ઉપર શેરો કરી આપ્યો હતો, તે વટાવ્યું હતું અથવા તબદીલ કર્યું હતું.

(ખ) તારીખ વિષે : જેના ઉપર તારીખ હોય તેવું દરેક વટાઉ ખત તે તારીખે કરી આપ્યું અથવા લખી આપ્યું હતું.

(ગ) સ્વીકારનાર સમય વિષે : સ્વીકારાયેલું દરેક વિનિમયપત્ર તેની તારીખ પછી અને તે પાકયાની તારીખ પહેલા વાજબી સમયમાં સ્વીકારવામાં આવ્યું હતું.

(ઘ) તબદીલીના સમય વિષે : કોઈ વટાઉખતની દરેક તબદીલી તે ખત પાકવાની તારીખ પહેલાં થઈ હતી.

(ચ) શેરાઓના ક્રમ વિષે : કોઈ વટાવ ખત ઉપર કરેલા હોવાનું જણાતા શેરા તે ખત ઉપર જે ક્રમમાં કરેલા જણાતા હોય તે ક્રમમાં કરેલા હતા.

(છ) સ્ટેમ્પ વિષે: ખોવાઈ ગયેલી પ્રોમીસરી નોટ, વિનિમયપત્ર અથવા ચેક ઉપર રીતસર સ્ટેમ્પ લગાડેલો હતો.

(જ) ધારક યથાક્રમ ધારક છે એમ માની લેવા વિષે : કોઈ વટાઉ ખતનો ધારક છે યથાક્રમ ધારક છે એમ માની લેવુ સિવાય કે , તે ખત તેના કાયદેસરના માલિક પાસેથી અથવા તેનો કાયદેસરનો હવાલો ધરાવતી વ્યકિત પાસેથી કોઈ ગુનો કરીને અથવા કપટથી મેળવવામાં આવ્યું હોય અથવા તે ખત કરી આપનાર અથવા સ્વીકારનાર પાસેથી કોઈ ગુનો કરીને અથવા કપટથી, અથવા ગેરકાયદેસર અવેજને બદલે મેળવવામાં આવ્યું હોય. ખતનો ધારક પોતે યથાક્રમ ધારક છે એમ સાબીત કરવાનો બોજો તેના ઉપર છે.

<u>કલમ–૧૩૯ ધારકની તરફેણમાં અનુમાન :</u>

જયાં સુધી વિપરીત પુરવાર કરવામાં આવે નહીં ત્યા સુધી એમ અનુમાન કરવામાં આવશે, કે ચેકના ધારકે કલમ–૧૩૮માં જણાવેલ ચેક, કોઈપણ દેવું અથવા અન્ય જવાબદારીને પૂરેપૂરી રીતે અથવા અંશત : દેવા માટે મેળવ્યો હતો.

નોંધ : પાછો ફરેલ એ વર્તમાન દેવું કે જવાબદારી પ્રત્યે હતો તેવું અનુમાન કરવામાં આવશે. એથી વિરૂધ્ધ પુરવાર કરવાનો બોજો એટલે કે આપેલો ચેક કોઈ દેવા પ્રત્યે કે જવાબદારી પ્રત્યે ન હતો એ ચેકના આપનાર ઉપર છે.

<u>કલમ–૧૩૮ ખાતામાં અપૂરતા ભંડોળ વગેરેને કારણે ચેકનો અસ્વીકાર:</u>

સમગ્ર રીતે અથવા અંશત: કોઈપણ દેવુ કે અન્ય જવાબદારી અદા કરવા માટે, કોઈ વ્યકિત, પોતે નિભાવતો હોય તેવા ખાતા ઉપરનો ચેક, એ ખાતામાંથી બીજી વ્યકિતને નાણાંની ચુકવણી કરવા માટે બેંકરને લખે અને એવા ચેકની ચુકવણી કર્યા વિના બેંક એ પરત કરે, કારણકે એ ખાતામાની જમા રકમ ચેકના સ્વીકાર માટે અપૂરતી છે, અથવા તો બેંક સાથે સમજૂતી થી કરેલી વ્યવસ્થા કર્યા પ્રમાણે ચેકની રકમ એ રકમ કરતાં વધુ છે, ત્યારે, આવી વ્યકિતએ ગુનો કર્યો ગણાશે, અને આ કાયદાની કોઈ અન્ય જોગવાઈઓને બાધ ન આવે તેમ તેને ''બે વર્ષ'' સુધીની કેદની શિક્ષા, અથવા ચેકની રકમથી બમણી રકમ સુધીનો દંડ અથવા બંને કરવામાં આવશે.

પરંતુ એમ ઠરાવ્યુ છે કે..

(એ) જયાં સુધી, ચેક લખ્યાની તારીખથી છ માસ અથવા તે કાયદા

માન્ય હોય તે મુદત– એ બેમાંથી જે વહેલી હોય તે મુદતમાં તેવો ચેક બેંકમા રજુ કરવામાં આવ્યો ન હોય,

(બી) જયાં સુધી, તે ચેકનો પેઈ અથવા તો યથાક્રમધારક, જેમ હોય તેમ, તે ચેક વણચૂકવ્યો પરત આવ્યાની બેંક તરફથી તેને માહીતી મળ્યાના 'ત્રીસ દિવસ'ની અંદર તે ચેકના લખનારને

લેખીત નોટીસ આપીને તેવી રકમની ચુકવણીની માંગણી કરે નહી, અને

(સી) જયાં સુધી, એવો ચેક લખનાર, ચેકનાં નાણાં લેનાર પેઈને અથવા તે ચેકમાં યથાનુક્રમધારકને, જેમ હોય તેમ, ઉપરોકત નોટીસ મળ યાના પંદર દિવસમાં એ રકમની ચુકવણી કરવામાં નિષ્ફળ જાય નહી, ત્યાં સુધી આ કલમમાંનુ કશું જ લાગુ પડશે નહીં.

ખુલાસો : આ કલમના હેતુઓ માટે દેવું અથવા અન્ય જવાબદારી એટલે કાયદેસર રીતે જેનો અમલ કરાવી શકાય તેવું દેવું અથવા અન્ય જવાબદારી એવો થાય છે.

આમ, નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮નો ગુનો પુરવાર થવા માટે આવશ્યક શરતો નીચે મુજબ છે.

૧. ચેક પોતાની જવાબદારી પૂરી કરવા આપ્યો હોવો જોઈએ.

૨. ચેક અપૂરતા બેલેન્સને કારણે પરત આવ્યો હોવો જોઈએ.

૩. કલમ–૧૩૮માં જણાવ્યા મુજબ ચેક ધારણ કરનારે ચેક લખનારને ૩૦ દિવસમાં નોટીસ આપી હોવી જોઈએ.

૪. કલમ–૧૩૮માં જણાવ્યા મુજબ નોટીસ બજવાના ૧૫ દિવસોમાં ચેક લખનાર તે રકમ ચૂકવવામા નિષ્ફળ ગયો હોવો જોઈએ.

ઉપરોકત આવશ્યક તત્વો પૂર્ણ થાય તો ધી નેગો.ઈન્સ્ટુ.એકટની કલમ–૧૩૮ અન્વયેનો ગુનો બન્યાનુ કહેવાય અને ત્યારબાદ ધી નેગો.ઈન્સ્ટુ.એકટની કલમ–૧૩૯ તથા કલમ – ૧૧૮ મુજબનુ ધારકની તરફેણમાં અનુમાન થાય.

૧૨. ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની ઉપરોકત જોગવાઈઓને ધ્યાને રાખી મૂલ્યાંકન કરવામાં આવે તો ફરીયાદી તરફે આંક– ૦૯ થી રજુ થયેલ યુનિયન બેંક ઓફ ઈન્ડિયા ના ડ્રાઈવ ઈન રોડ શાખા નો તા.૧૯–૦૨–૨૦૧૪ નો ચેક નં.–૧૨૩૨૫૩ નો રુા.૧,૫૦,૦૦૦/–નો આંક–૪૦ ના રીટર્ન મેમા મુજબ તા.૧૧–૦૪–૨૦૧૪ ના રોજ 'ફંડસ ઈનસફીસીયન્ટ 'ના શેરાથી પરત આવેલ હોવાનું સ્પષ્ટપણે જણાવેલ છે.

વધુમાં આંક– ૧૦ થી રજુ ડિમાન્ડ નોટીસની નકલને ધ્યાને લેતાં તે નોટીસ તા.૨૬/૦૪/૧૪ ના રોજની છે જેમાં રીર્ટન થયેલ ચેકના નાણા દિન ૧૫ માં ચુકવી આપવા તેવો સ્પષ્ટ ઉલ્લેખ કરવામાં આવેલ છે. આ નોટીસ તા.૨૬/૦૪/૧૪ ના રોજ આરોપીના રહેણાંક અને ધંધાના સ્થળે આપવામાં આવેલ હોવાની આર.પી.એડી ની પહોચ આંક ૧૧,૧૨ થી રજુ કરેલ છે. તેમજ આંક ૧૩ થી રજુ આર.પી.એડી ની એકનોલેજમેન્ટ દયાને લેતાં આરોપી ના ધંધાના સરનામે મોકલેલ આર.પી.એડી કવર તા.૨૮/૦૪/૧૪ ના રોજ સ્વીકારવામાં આવેલ હોવાની અંગ્રેજીમાં અવાચ્ય સહી છે અને આર.પી.એડી સ્વીકારના ર એ ૯૩૭૪૮૦૬૦૫ તેવો નંબર લખેલ છે વધુમાં આંક ૧૪ થી રજુ આર.પી.એડી ની એકનોલેજમેન્ટ દયાને લેતાં આરોપી ના રહેણાંક ના સરનામે મોકલેલ આર.પી.એડી કવર સ્વીકારવામાં આવેલ હોવાની અંગ્રેજીમાં અવાચ્ય સહી છે વધુમાં ફરીયાદ પક્ષ

તરફે આંક ૧૫ થી રજુ દસ્તાવેજી આધાર દયાને લેતાં તેમાં તા.૨૯/૦૪/૧૪ ના રોજની નોટીસનો લેખિત જવાબ આપતા હોવાનો તા.૦૫/૦૫/૧૪ ના રોજ ના નોટીસના જવાબ માં ઉલ્લેખ છે. જેથી આરોપીને સમયમર્યાદામાં નોટીસ મોકલેલ હોવાનું સ્પષ્ટપણે પુરવાર થાય છે. તેમજ આ કામના ફરીયાદીએ તા.૩૦-૦૫-૨૦૧૪ ના રોજ હાલની ફરીયાદ દાખલ કરેલ છે, જેથી હાલની આ ફરીયાદ નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટની જોગવાઈ મુજબ સમય મર્યાદામાં છે.

૧૩. વધુમાં ફરીયાદીની ફરીયાદ તથા આંક-૦૩ ના પુરાવાના સોગંદનામામાં જણાવ્યાં મુજબ આ કામના ફરીયાદી મેસર્સ વીર ફેબ્રીકસ ના નામથી કાપડનો વેપાર ધંધો કરતા હોય અને આરોપી મેસર્સ શ્રીજી એપરલ્સ ના નામથી નવરંગપુરા કાપડાનો શોરૂમ ધરાવી વેપાર ધંધો કરે છે. આરોપી એ ફરીયાદી ની પેઢી પર આવી બે માસની ક્રેડીટ પર માલ ખરીદવાનું જણાવેલ પરંતુ ફરીયાદી આરોપી ને ઓળખતા ન હોય બીલની રકમનો ચેક આપ્યે થી માલ આપવાની વાત કરતા આરોપી એ ફરીયાદની પેઢીમાંથી બીલ નં ૧૦૫ થી રૂ. ૧,૫૦,૦૦૦/- નો માલ ખરીદ કરેલ હોવાનું જણાવેલ છે આરોપી પક્ષ દવારા ફરીયાદીની થયેલ ઉલટતપાસ માં ફરીયાદી એ જણાવેલ છે કે તેઓ વીર ફેબ્રીકસ ના નામે સને ૨૦૧૩ થી કાપડના ટ્રેડીંગ નો ધંધો કરે છે તેમજ આ ધંધા માટે ગુમાસ્તા ધારા નું સટીફીકેટ ધરાવે છે તેમજ પ્રો પરાઈટર પેઢીનો ઈન્કમટેકસ નંબર ધરાવે છે અને છેલ્લા ત્રણ વર્ષ થી ઈન્કમટેકસ નું રીર્ટન ભરે છે તેમજ તેઓ વેટ નંબર ધરાવતા નથી તેમજ ધંધાનું ટર્ન ઓવર આશરે ૨૦ - ૫૦ લાખ જેટલું છે તેમજ તેઓ ધંધાને લગતા હિસાબ લખે છે જે મેન્યુઅલ અને કોમ્પ્યુટર થી મેન્ટેઈન કરે છે તેમજ તેઓ જરૂરીયાત

મુજબનો માલ પેઢી પર મંગાવી અને જે તે ગ્રહકને માલ મોકલે છે અને કોઈક વાર ગ્ર હક જાતે આવીને માલ લઈ જાય છે તેમજ આરોપી ને કોટન ફેબ્રીક કાપડ વેચેલું જેનું આરોપી ને ડીલીવરી ચલણ આપેલ નથી તેમજ ગ્રહકો ને કોમ્પ્યુટરાઈઝ બીલ આપેલ છે અને જે કઈ બીલ આપે તેમાં પોતે સહી કરે છે તેમજ શ્રીજી એપ્રરલ્સ સાથે આ પહેલું ડીલીંગ હતું અને તેને માલ વેચેલ તેની રકમ રૂ. દોઢ લાખ છે તેમજ આરોપી માલ ટ્રેમ્પો જેવા વાહનમાં લઈ ગયેલ તેમજ ઈનવોઈસ ના બીલમાં પોતાની સહી છે તેઓ બીલ માં અલગ સહી કરે છે અને અલગ જગ્યા એ અલગ સહી કરે છે તેમજ ઈન્કમટેકસ રીર્ટન અને એકાઉન્ટ ૨૦૧૪ –૧૫ નું રજુ કરેલ છે તેમાં ગ્રેસ આવક ૨,૭૦,૮૩૯ છે અને નફો ૬૭,૮૭૦/– દર્શાવેલ છે તેમજ આંક ૨૧ ના દસ્તાવેજ માં વાર્ષિક વેચાણ રૂ. ૧,૭૦,૩૮,૩૦૦/– નું છે તેમજ આંક ૨૧ ના દસ્તાવેજ મુજબ મહિના મુજબ નવો નંબર નહી પણ ફેબુઆરી માર્ચ થી સળંગ નંબર આપેલ છે તેમજ આંક ૦૮ ની કુલ રકમ રૂ. દોઢ લાખ છે અને આ વેચાણ સિવાય આરોપી સાથે કોઈ પણ માલનું વેચાણ થયેલ નથી તેમજ ગ્રહક રૂબરૂ આવેલા તે સમયે ઈનવોઈસ ઉપર રોકડા કે ચેક એવો કોઈ શેરો કરાવેલ નથી માત્ર તહોમતદાર માલ લઈ ગયેલા તેમજ તેઓ વીર ફેબ્રીકસ સિવાય પણ પેઢી ધરાવે છે જે પેઢી નું નામ મહાલક્ષ્મી ઓર્નામેન્ટ છે જે પ્રોપરાઈટર શીપ પેઢી છે આ બંને ધંધો એક જ સ્થળે થી પાર્ટીશન કરી અલગ અગલ ભાગ માં ચાલતો હતો તેમજ ઈન્કમટેકસ રીર્ટન પર્સનલ કેપીસીટી થી ભરેલ છે જેમાં ધંધાની આવકનો સમાવેશ થઈ જાય છે તેમજ આંક ૨૫ એ ૨૦૧૪ –૧૫ નું એસસમેન્ટ છે જેમાં મહાલક્ષ્મી એગ્રીમેન્ટ અને વીર ફેબ્રીકસ બંને ના નફા નુકસાન નો ઉલ્લેખ છે તેમજ આંક ૨૦ મુજબ મોટાભાગની ખરીદી આગમ ગારર્મેન્ટ પ્રા.લી માંથી થાય છે જેનું પેમેન્ટ કોઈ વાર ચેક થી કોઈવાર આર.ટી.જી.એસ થી થાય છે જે વ્યવહાર સેન્ટ્રલ

બેંક ઓફ ઈન્ડિયાની ગાંધી રોડ બ્રાન્ચ મારફતે થાય છે તેમજ આગમ ગારમેન્ટ પ્રા .લી માંથી ખરીદેલ માલ નું મોટાભાગનું વેચાણ મહાવીર એન્ટરપ્રાઈઝ ને થાય છે તેમજ આરોપી ને જોયેથી ઓળખે છે તેમજ સેન્ટ્રલ બેંક ઈન્ડિયાનું રજુ કરેલ સ્ટેટમેન્ટ વ્યકિતગત ખાતાનું છે વીર ફેબ્રીકસ ના નામનું નથી તેવું જણાવેલ છે.

ફરીયાદી એ આપેલ ઉપર મુજબની જુબાની ને દયાને લઈ આરોપી એ આંક ૩૬ થી સોગંદ પર આપેલ જુબાની દયાને લેવામાં આવે તો , આરોપી એ આંક ૩૬ ની સોગંદ પર ની જુબાની માં જણાવેલ છે કે, તેઓ શ્રીજી એપ્રરલ્સ ના નામથી દાંધો કરે છે અને એમ્બ્રોડરી નું જોબવર્ક નું કામ કરે છે તેમજ એમ્બ્રોડરી માટે કોઈ કપડા આપે અને એમ્બ્રોડરી નું કામ પૂર્ણ થાય તેના બદલામાં રોકડ કે ચેકથી જે જોબવર્ક નો ખર્ચ હોય તે આપી દે એટલે તે વ્યવહાર ત્યાં પુરો થઈ જાય તેમજ આંક ૦૮ ના બીલ માં જણાવ્યા મુજબ નું કોટન કાપડ કયારેય આવેલ નથી અને વીર ફેબ્રીકસ સાથે કયારેય કોઈ વ્યવહાર થયેલ નથી કે વીર ફેબ્રીકસ ના માલિક ને કયારેય મળેલ નથી કે તેમની સાથે કયારેય કોઈ વાતચીત થયેલ નથી તેમજ આંક ૦૮ ના બીલ ની નોધ પોતાના એકાઉન્ટ માં થયેલ નથી કે એકાઉન્ટ માં ઉધારેલ નથી તેમજ તેઓ ઈન્કમટેકસ રીર્ટન ભરે છે તેવું જણાવેલ છે. ફરીયાદ પક્ષ દવારા આરોપીની થયેલ ઉલટતપાસ માં આરોપી એ જણાવેલ છે કે એમ્બ્રોડરી નું જોબવર્ક કરવું અને કાપડનો શોરૂમ ધરાવવો તે બે અલગ વસ્તુ છે તેમજ આંક ૧૫ ના નોટીસના જવાબ માં અમારા અસીલ શ્રી શ્રીજી એપ્રરલ્સ ના નામનો નવંરગપુરા મુકામે કાપડનો શોરૂમ ધરાવે છે અને કાપડનો દાંધો કરે છે તેવું જણાવેલ છે તેમજ આંક ૧૪ પેઢી નું ખાતું ખોલાવવાનું ફોર્મ છે જે મુજબ તા.૧૯/૦૩/૧૩ ના રોજ ખાતું ખોલેલ છે તેમજ આંક ૧૩ માં પોતાની ઓફીસનું સરનામું છે તેમજ આંક ૨૩/૦૩/૧૪ ના રોજ ખાતું બંધ કરાવેલું તેવું જણાવેલ છે.

આમ ફરીયાદી એ સોગંદ પર આપેલ જુબાની માં ફરીયાદી વીર ફેબ્રીકસના નામથી કાપડનો ધંધો કરતા હોવાનું જણાવે છે જયારે આરોપી એ આંક ૩૬ થી આપેલ સોગંદ પર ની જુબાની માં તેઓ શ્રીજી એપરલ્સ ના નામથી ધંધો કરતા હોવાનો સ્વીકાર કરે છે પરંતુ આરોપી શ્રીજી એપરલ્સ ના નામથી એમ્બ્રોડરી નું જોબવર્ક નું કામ કરતા હોવાનું જણાવે છે. જેથી સૌ પ્રથમ આંક ૧૩ થી રજુ થયેલ નોટીસનો જવાબ દયાને લેવામાં આવે તો નોટીસના જવાબ ના પેરા ર માં જણાવેલ છે કે '' *અમારા અસીલ શ્રીજી એપરલ્સ ના નામનો નવરંગપુરા મુકામે કાપડનો શોરૂમ ધરાવે છે અને કાપડનો ધંધો કરે છે જે હકીકત સાચી છે* '' તેવો ઉલ્લેખ કરવામાં આવેલ છે . આમ આરોપી એ આંક ૧૩ મુજબ નોટીસનો જવાબ આપેલ છે તેમાં અને આરોપી એ આંક ૩૬ થી સોગંદ પર જુબાની આપેલ છે તેમાં આરોપી ના ધંધા બાબતે આરોપી એ તદન વિરોધાભાસી હકીકત જાહેર કરેલ છે.

વધુમાં આરોપી પક્ષ ના સાહેદ રણજીત વેણુગોપાલ નાયર એ આંક ૨૯ થી સોગંદ પર જુબાની આપેલ છે તેમાં તેઓ એ જણાવેલ છે કે, તેઓ છેલ્લા ૧ વર્ષ થી યુનિયન બેંક ઓફ ઈન્ડિયાની ડ્રાઈવ ઈન રોડ શાખા માં ફરજ બજાવે છે અને તેઓની શાખામાં શ્રીજી એપ્રરલ્સનું એકાઉન્ટ નં ૫૫૭૯૦૧૦૧ ૦૦૫૦૨૬૧ નું છે જેનું એકાઉન્ટ સ્ટેટમેન્ટ તા.૧૯/૦૩/૧૩ થી ખાતું બંધ થયું ત્યાં સુધી નું છે જે સ્ટેટમેન્ટ આંક ૩૦ થી રજુ છે તેમજ એકાઉન્ટ ઓપનીંગ ફોર્મ શ્રીજી એપ્રરલ્સ ના નામનું છે તેમાં પ્રોપરાઈટર ની સહી છે અને તે વખતના બ્રાન્ચ મેનેજર ની સહી છે તેવું જણાવેલ છે . ફરીયાદ પક્ષ દવારા આરોપી ના સાહેદ ની થયેલ ઉલટતપાસ માં સાહેદ એ જણાવેલ છે કે રેકર્ડ મુજબ શ્રીજી એપ્રરલ્સ નું કરન્ટ ખાતું તા.૧૯/૦૩/૧૩ ના રોજ શરૂ થયેલું અને સદર ખાતામાં રૂચી આકાશ બાંગા

ને ચેક ૧૨૩૨૫ થી ૧૨૩૩૦૦ સુધી ના ઈશ્યુ થયેલ તેમજ તા. ૨૧/૦૭/૧૪ ના રોજ ખાતું બંધ કરવાની અરજી શ્રીજી એપ્રરલ્સ ના લેટર પેડ પરની અરજી છે તેવું જણાવેલ છે.

આમ આરોપી પક્ષના સાહેદ રણજીત વેણુગોપાલ નાયર ની આંક ૨૯ ની જુબાની દયાને લેતાં તેઓની શાખામાં શ્રીજી એપરલ્સ નું ખાતું હોવાનું તથા આ ખાતામાં રૂચી આકાશ બાંગા ને ચેક નં ૧૨૩૨૫૧ થી ચેક નં ૧૨૩૩૦૦ ઈશ્યુ કરવામાં આવેલ હોવાનો ઉલ્લેખ છે. વધુમાં આરોપી પક્ષ તરફે આંક ૩૪ થી રજુ દસ્તાવેજી આધાર ને દયાને લેવામાં આવે તો આરોપી પક્ષના સાહેદ રણજીત વેણુગોપાલ તેઓ ની આંક ૨૯ ની જુબાની દરમિયાન આંક ૩૪ થી શ્રીજી એપરલ્સ નું ખાતું ખોલાવ્યાના ફોર્મ ની નકલ રજુ કરેલ છે. જે દયાને લેતાં તા.૧૯/૦૩/૧૩ ના રોજ યુનિયન બેંક ઓફ ઈન્ડિયાની ડ્રાઈવ ઈન રોડ શાખામાં ચાલુ ખાતા નં ૫૫૭૯૦૧૦૧૦૦૫૨૬૧ થી રૂચી આકાશ બાંગા એ શ્રીજી એપરલ્સ ના પ્રોપરાઈટર તરીકે ખાતું ખોલાવ્યાનું ફોર્મ રજુ કરેલ છે. આ ફોર્મ માં શ્રીજી એપરલ્સ ના પ્રોપરાઈટર તરીકે રૂચી આકાશ બાંગા એ પોતાની ખાતેદાર તરીકે સહી કરેલ છે અને પાસપોર્ટ સાઈઝ નો ફોટોગ્રફ લગાવેલ છે અને શ્રીજી એપરલ્સ ના પ્રોપરાઈટર તરીકે રૂચી આકાશ બાંગા એ નિયત નમુના ના હસ્તાક્ષર કરેલ છે અને ખાતું ખોલાવ્યાના ફોર્મ માં શ્રીજી એપરલ્સ નું સરનામું ૫/ દર્શન કોમ્પલેક્ષ, નિધિ હોસ્પિટલ ની સામે , સ્ટેડિયમ રોડ , નવરંગપુરા, અમદાવાદ દર્શાવેલ છે. વધુમાં આરોપી પક્ષ તરફે આંક ૩૦ થી રજુ શ્રીજી એપરલ્સ ના ચાલુ ખાતાના સ્ટેટમેન્ટ માં પણ શ્રીજી એપરલ્સ નું સરનામું ૫/ દર્શન કોમ્પલેક્ષ, નિધિ હોસ્પિટલ ની સામે , સ્ટેડિયમ રોડ , નવરંગપુરા, અમદાવાદ દર્શાવેલ છે વધુમાં આરોપી પક્ષ

તરફે આંક ૩૧ અને આંક ૩૨ થી રજુ લેટર પેડની નકલ દયાને લેતા તેમાં પણ શ્રીજી એપરલ્સ નું સરનામું ૫/ દર્શન કોમ્પલેક્ષ, નિધિ હોસ્પિટલ ની સામે , સ્ટેડિયમ રોડ , નવંરગપુરા, અમદાવાદ દર્શાવેલ છે . આમ આરોપી પક્ષ એ રજુ કરેલ દસ્તાવેજી આધારો માં શ્રીજી એપરલ્સ નું સરનામું ૫/ દર્શન કોમ્પલેક્ષ, નિધિ હોસ્પિટલ ની સામે , સ્ટેડિયમ રોડ , નવંરગપુરા, અમદાવાદ દર્શાવેલ છે અને ફરીયાદ પક્ષ તરફે રજુ થયેલ આંક ૧૫ મુજબનો નોટીસનો જવાબ દયાને લેતા તેમાં પણ આરોપી શ્રીજી એપરલ્સ ના નામથી નવરંગપુરા મુકામે કાપડનો શોરૂમ ધરાવતા હોવાનો ઉલ્લેખ છે. જેથી આરોપી એ તેઓની આંક ૩૬ ની જુબાની માં આ કામે આરોપી પક્ષ દવારા રજુ થયેલ દસ્તાવેજી પુરાવાઓથી વિરોધાભાસી જુબાની આપેલ હોવાનું સ્પષ્ટપણે પુરવાર થાય છે અને આરોપી શ્રીજી એપરલ્સ ના નામથી નવરંગપુરા મુકામે કાપડનો ધંધો કરતા હોવાનું રજુ થયેલ પુરાવાઓથી સ્પષ્ટપણે પુરવાર થાય છે.

વધુમાં ફરીયાદ પક્ષ તરફે આંક ૦૭ થી ગુમાસ્તાધારા ના પ્રમાણપત્રની ખરી નકલ રજુ થયેલ છે જે દયાને લેતા વીર ફેબ્રીકસના પ્રોપરાઈટર રવિ કમલેશકુમાર શાહ હોવાનું અને તેઓ કાપડ અને ગારમેન્ટ નો માણેકચોક અમદાવાદ માં ધંધો કરતા હોવાનું દર્શાવેલ છે.જેથી આ કામના ફરીયાદી વીર ફેબ્રીકસ ના નામથી કાપડનો ધંધો કરતા હોવાનું સ્પષ્ટપણે પુરાવાર થાય છે.

વધુમાં ફરીયાદી એ તેઓની જુબાની માં જણાવેલ છે કે તેઓ એ આરોપી ને ઈનવોઈસ નં ૦૦૫ થી તા.૧૫/૦૨/૧૪ ના રોજ ઉધાર માં કાપડનો માલ આપેલ છે જયારે આરોપી રૂચી આકાશ બાંગા એ આંક ૩૬ ની સોગંદ પરની જુબાની

માં જણાવેલ છે કે આંક ૦૮ નું બીલ માં જણાવ્યા મુજબ નું કોટન કાપડ કયારેય આવેલ નથી અને વીર ફેબ્રીકસ સાથે કયારેય કોઈ વ્યવહાર થયેલ નથી કે વીર ફેબ્રીકસ ના માલિક ને કયારેય મળેલ નથી કે તેમની સાથે કયારેય કોઈ વાતચીત થયેલ નથી તેમજ આંક ૦૮ ના બીલ ની નોધ પોતાના એકાઉન્ટ માં થયેલ નથી કે એકાઉન્ટ માં ઉધારેલ નથી

આમ આરોપી એ તેઓની આંક ૩૬ ની સોગંદ પર ની જુબાની માં ફરીયાદી પાસેથી આંક ૦૮ મુજબનો માલ ખરીદ કરેલ હોવાનો ઈનકાર કરેલ છે. જેથી સૌ પ્રથમ આંક ૦૮ થી રજુ દસ્તાવેજી આધાર દયાને લેવામાં આવે તો ફરીયાદીની પેઢી વીર ફેબ્રીકસ એ ઈનવોઈસ નં ૦૦૫ થી તા.૧૫/૦૨/૧૪ ના રોજ શ્રીજી એપરલ્સ નવરંગપુરા અમદાવાદ ને કુલ ૨,૩૦૮ મીટર કોટન ફેબ્રીકસ નો માલ જેની કુલ કિંમત રૂ. ૧,૫૦,૦૦૦/– ની દર્શાવેલ છે તે માલ વેચાણ આપેલ હોવાનો ઉલ્લેખ છે. જો કે આરોપી એ તા.૦૫/૦૫/૧૪ ના રોજ ના આંક ૧૫ મુજબની નોટીસ ના જવાબ માં ફરીયાદી સાથે કોઈ વ્યવહાર થયેલ નથી અને ફરીયાદી ને ઓળખતા નથી તેવું જણાવેલ છે અને નોટીસના જવાબ ના અંતે જણાવેલ છે કે '' *તમારી પાસે અમારા અસીલ નો રહેલ ચેક પરત કરી અને લખાણ મેળવી લેવું અને જો તેમ નહી કરો તો તમારી સામે એટલે કે તમારા અસીલ ની સામે કાયદેસરની કાર્યવાહી કોર્ટ રાહે કરવામાં આવશે. ...* '' આમ આંક ૧૫ થી રજુ નોટીસના જવાબનો છેલ્લો પેરા દયાને લેતા આ કામના આરોપી એ તા.૦૫/૦૫/૧૪ થી આજ દીન સુધી ફરીયાદી સામે કોઈ કાનુની કાર્યવાહી હાથ ધરેલ હોય તેવો કોઈ દસ્તાવેજી આધાર આ કામે રજુ કરેલ નથી તેમજ આરોપી એ આંક ૩૬ ની સોગંદ પરની જુબાની માં તેઓ એમ્બ્રોડરી જોબવર્ક નું કામ કરે છે અને એમ્બ્રોડરી કરવાનો જોબવર્ક નો ખર્ચ

આપી દે એટલે તે વ્યવહાર ત્યાં પુરો થઈ જાય તેવું જણાવેલ હોય જેથી ઉપરોકત ચર્ચા કરી તે મુજબ આરોપી એ આંક ૧૫ ના નોટીસના જવાબ માં તેનાથી વિરોધાભાસી હકીકત જણાવેલ હોય આ સંજોગો ને પણ દયાને લેતાં ફરીયાદી આંક ૦૮ મુજબના ઈનવોઈસ નંબર ૦૦૫ , તા.૧૫/૦૨/૧૪ ના નાણા માંગતા હોવાનું જણાય આવે છે.

વધુમાં ફરીયાદ પક્ષ તરફે આંક ૧૯ થી રજુ આકારણી વર્ષ ૨૦૧૪ – ૧૫ ના સીએના રીપોર્ટ ની નકલ રજુ થયેલ છે અને તેની સાથે રજુ થયેલ હીસાબો માં આંક ૨૧ થી રજુ દસ્તાવેજી આધાર દયાને લેતાં તેમાં વીર ફેબ્રીકસ પેઢી નું તા.૦૧ /૦૪/૧૩ થી તા.૩૧/૦૩/૧૪ સુધી નું વેચાણ નું લેઝર રજુ થયેલ છે. અને તેમાં તા.૧૫/૦૨/૧૪ ના રોજ શ્રીજી એપરલ્સ ને ઈનવોઈસ નં ૦૦૫ થી રૂ. ૧,૫૦,૦૦૦/– નો માલ ઉધાર માં આપેલ હોવાનો ઉલ્લેખ છે. આમ આંક ૨૧ મુજબ ફરીયાદીની પેઢીમાં પણ આરોપી ની પેઢી શ્રીજી એપરલ્સ પેઢી પાસેથી ઉધાર માલ ના નાણા રૂ. ૧,૫૦,૦૦૦/– લેવાના બાકી નીકળતા હોવાનો ઉલ્લેખ હોય જેથી આંક ૦૮ ના દસ્તાવેજી આધાર અને આંક ૨૧ ના દસ્તાવેજી આધાર ને દયાને લેતાં ફરીયાદીનું આરોપી સામેનું કાયદેસરનું લેણું હોવાનું સ્ પષ્ટપણે પુરવાર થાય છે.

૧૪. વધુમાં ફરીયાદીની ફરીયાદ તથા આંક–૦૩ ના પુરાવાના સોગંદનામામાં જણાવ્યાં મુજબ ફરીયાદી એ આરોપી ને ઉધાર માલ આપ્યો તે સમયે જ આરોપી એ તેઓની યુનિયન બેંક ઓફ ઈન્ડિયાની ડ્રાઈવીંગ રોડ શાખા નો ચેક નં ૧૨૩૨૫૩ નો તા.૧૯/૦૨/૧૪ નો રૂ. ૧,૫૦,૦૦૦/– નો શ્રીજી એપરલ્સ ના પ્રોપરાઈટર

તરીકે સહી કરીને ફરીયાદીને આપેલ અને પાકીતી તારીખે ભરવાનું કહેલ ત્યારબાદ આરોપી એ માલના નાણા પેટે આપેલ ચેક ના નાણા ની ફરીયાદી એ માંગણી કરતા આરોપી એ ફરીયાદી ને આપેલ ચેક તા.૧૦/૦૪/૧૪ ના રોજ બેંક માં ભરવાનું જણાવેલ જેથી ફરીયાદી એ તા.૧૦/૦૪/૧૪ ના રોજ તેઓના ખાતાની બેંક સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયાની ગાંધી રોડ શાખામાં ચેક ભરતા સદર ચેક ''ઈનસફીસીયન્ટ ફંડ'' ના શેરાથી તા. ૧૧/૦૪/૧૪ ના રોજ પરત આવતા, ફરીયાદી એ તેમના વકીલશ્રી મારફતે તા. ૨૬/૦૪/૧૪ ના રોજ રજીસ્ટર પોસ્ટથી આરોપીને ધંધા અને રહેણાંકના સરનામે લેખિત નોટીસ આપતાં તે નોટીસ આરોપી બજી ગયેલ અને આરોપી એ ચેકના નાણા આપેલ નથી અને તેમના વિદવાન વકીલશ્રી દવારા તા.૦૬/૦૫/૧૪ ના રોજ નોટીસનો ખોટો અને ઉડાઉ જવાબ આપેલ તેવું જણાવેલ છે. આરોપી પક્ષ દવારા ફરીયાદીની થયેલ ઉલટતપાસ માં ફરીયાદી એ જણાવેલ છે કે , આરોપી ને નોટીસ આપેલી તેનો આરોપી એ જવાબ આપેલ આપેલો તેમજ આંક ૦૯ ના ચેક માં શબ્દો આંકડામાં તથા પેઢીના નામ અલગ પડે છે તેમજ જે વ્યકિતએ ચેક માં રકમ આંકડા અને શબ્દોમાં લખી છે તેમને પેઢીના ખાનામાં લખેલ નથી તેમજ ચેકની પાછળ ખાતા નંબર પોતાનો છે ખાતું માબાઈલ નંબર પેઢીમાં કામ કરતા ભૌતિક ભાઈનો છે તેમજ આરોપી એ તા. ૧૯/૦૨/૧૪ નો ચેક આપેલો જે ચેક તા. ૧૦/૦૪/૧૪ ના રોજ બેંક માં ભરેલો જે ચેક ૧૧ તારીખે અપુરતા ભંડોળના કારણે પરત ફરેલો ત્યારબાદ નોટીસ મોકલેલ જેનો આરોપી એ તેમના તા. વિ.વ.શ્રી મારફતે જવાબ આપેલો તેમજ ચેક માલ ખરીદ કરેલ તે દિવસે જ ઓલ તે ચેક બે માસ બાદ બેંક માં જમા કરાવેલ તેમજ આરોપી એ તા.૦૬/૦૫/૧૪ ના રોજ વકીલ મારફતે નોટીસનો જવાબ આપેલો તેમજ

આંક ૧૫ ના પેરા ૨ માં ત્રણ ચેક મીસ પ્લેસ થયાનો ઉલ્લેખ છે જેમાં ચેક નં ૧ ૨૩૨૫૩ નો રૂ. ૧,૫૦૦૦૦ નો ઉલ્લેખ છે તેવું જણાવેલ છે.

ફરીયાદીની જુબાની દયાને લઈ આ કામે આંક ૦૯ થી રજુ થયેલ તકરારી ચેક દયાને લેવામાં આવે તો યુનિયન બેંક ઓફ ઈન્ડિયાની ડ્રાઈવ ઈન રોડ શાખાનો ખાતા નં ૫૫૭૯૦૧૦૧૦૦૫૦૨૬૧ નો ચેક નં ૧૨૩૨૫૩ નો તા.૧૯/૦૨/૧૪ ના રોજ નો રૂ. ૧,૫૦,૦૦૦/– નો ક્રોસ ચેક એ વીર ફેબ્રીકસ ની તરફેણ માં લખવામાં આવેલ છે, જે ચેકમાં ફોર શ્રીજી એપરલ્સ ના પ્રોપરાઈટર તેવું પ્રિન્ટ થયેલ છે અને તે જગ્યાએ અંગ્રેજીમાં '' અવાચ્ય '' સહી કરવામાં આવેલ છે . તકરારી ચેક આરોપીના ખાતાનો નથી તેવો આરોપી પક્ષનો બચાવ નથી .

આરોપી પક્ષનો એવો બચાવ છે કે તેઓનો ચેક મીસ પ્લેસ થઈ ગયેલ જેથી બેંક માં અરજી આપી ને ચેક નું સ્ટોપ પેમેન્ટ કરાવેલ છે. અને આ ચેક માં પોતાની સહી નથી અને સહી કોની છે તે ખબર નથી જેથી ચેક માં ખોટી સહી કરી ચેક નો દુરપયોગ કરી હાલની ખોટી ફરીયાદ કરવામાં આવેલ છે.

આરોપી પક્ષની દલીલ ને દયાને લઈ આરોપી પક્ષ તરફે રજુ થયેલ દસ્તાવેજી પુરાવાઓનું મુલ્યાકન કરવામાં આવે તો આરોપી પક્ષના સાહેદ રણજીત વેણુ ગોપાલ નાયર ની આંક ૨૯ ની જુબાની દયાને લેવામાં આવે તો તેમાં તેઓ એ જણાવેલ છે કે, તેઓ છેલ્લા ૧ વર્ષ થી ડ્રાઈવ ઈન રોડ શાખા માં ફરજ બજાવે છે તેમજ શ્રીજી એપ્રરલ્સનું એકાઉન્ટ નં ૫૫૭૯૦૧૦૧૦૦૫૦૨૬૧ નું છે જેનું એકાઉન્ટ સ્ટેટમેન્ટ તા.૧૯/૦૩/૧૩ થી ખાતું બંધ થયું તથા સુધી નું

છે જે સ્ટેટમેન્ટ આંક ૩૦ થી રજુ છે એકાઉન્ટ ઓપનીંગ ફોર્મ શ્રીજી એપ્રરલ્સ ના નામનું છે તેમાં પ્રોપરાઈટર ની સહી છે અને તે વખત ના બ્રાન્ચ મેનેજર ની સહી છે તેમજ સ્ટોપ પેમેન્ટની અરજીમાં ચેક નં ૧૨૩૨૫૨ તા.૧૮/૦૨/૧૪ નો રૂ. ૧ ,૫૦,૦૦૦/-તથા ચેક નં ૧૨૩૨૫૩ તા. ૧૯/૦૨/૧૪ ચેક નં ૧૨૩૨૫૪ તા. ૨૦/૦૨/૧૪ નો રૂ. બે લાખ છે આ ત્રણ ચેક પૈકી કોઈ પણ ચેક આપેલો તેનું સ્ટોપ પેમેન્ટ કરવામાં આવે છે અને સ્ટોપ પેમેન્ટ ના શેરા થી પરત કરવામાં આવેલ છે. તેમજ સ્ટેટમેન્ટ મુજબ તા.૧૧/૦૪/૧૪ ના રોજ ચેક નં ૧૨૩૨૫૩ નો રૂ. ૧ ,૫૦,૦૦૦/- નો બેંક માં કલીયરીંગ માટે આપેલ નથી અને તેમાં સ્ટોપ પેમેન્ટના કોઈ ચાર્જીસ લેવામાં આવ્યા નથી તા. ૧૪/૦૨/૧૪ થી તા. ૨૨/૦૭/૧૪ સુધી સ્ટોપ પેમેન્ટ ના કોઈ ચાર્જ ઉઘારવામાં આવેલ નથી જે સ્ટેટમેન્ટ જોઈને જણાવે છે તેવું જણાવેલ છે. ફરીયાદ પક્ષ દવારા આરોપી ના સાહેદ ની થયેલ ઉલટતપાસ માં સાહેદ એ જણાવેલ છે કે રેકર્ડ મુજબ શ્રીજી એપ્રરલ્સ નું કરન્ટ ખાતું તા.૧૯/૦૩/૧૩ ના રોજ શરૂ થયેલું અને સદર ખાતામાં રૂચી આકાશ બાંગાને ચેક ૧૨૩૨૫ થી ૧૨૩૩૦૦ સુધી ના ઈશ્યુ થયેલ તેમજ ચેક નં ૧૨૩૨૫૨ તા.૨૫/૦૨/૧૪ ના રોજ રીર્ટન થયેલ તેમજ તા. ૨૨/૦૭/૧૪ ના રોજ એકાઉન્ટ કલોઝ કરાવેલું તેમજ ચેક નં ૧૨૩૨૫૫ થી રૂ. ૫૩૫/- ઉપાડવામાં આવેલા તેમજ તા.૨૩/૦૭/૧૪ ના રોજ ત્રણ ચેક પરત ફરેતા ચાર્જીસ ઉઘારવામાં આવેલા છે તેમજ શ્રીજી એપ્રરલ્સ ની સ્ટોપ પેમેન્ટ ની અરજી માં કયા કારણસર ચેક નું સ્ટોપ પેમેન્ટ કરાવેલ છે તેનો કોઈ ઉલ્લેખ નથી તેમજ ત્રણેય ચેક ની તારીખ અને રકમ ખાના માં સ્પષ્ટ લખેલી છે તેમજ તા. ૨૧/૦૭/૧૪ ના રોજ ખાતું બંઘ કરવાની અરજી શ્રીજી એપ્રરલ્સ ના લેટર પેડ પરની અરજી છે તેમજ સ્ટેટમેન્ટ મુજબ ત્રણ ચેક પરત ફરેલ છે તેવું જણાવેલ છે.

વધુમાં આ કામે આંક ૩૬ ની આરોપી રૂચી આકાશ બાંગા ની જુબાની દયાને લેતાં તેમાં આરોપી એ જણાવેલ છે કે આંક ૦૯ માં પોતાની સહી નથી અને તેમા ંજે વિગતો લખેલી છે તે પોતાના હસ્તાક્ષર માં નથી તેમજ આંક ૦૯ ના ચેકનું એકાઉન્ટ પોતાનું છે તેમજ આંક ૩૧ માં ચેક નં ૧૨૩૨૫૨ ,૧૨૩૨૫૩ ,૧ ૨૩૨૫૪ છે તે ચેક માં ખોવાઈ જતા સ્ટોપ પેમેન્ટ માટે યુનિયન બેંક ઓફ ઈન્ડિયાની ડ્રાઈવ ઈન રોડ શાખામાં અરજી આપેલી તેમજ આંક ૧૩ માં પોતાની સહી નથી તેમજ આંક ૧૫ થી નોટીસ નો જવાબ આપેલો જેમાં પણ ચેક નં ૧૨૩૨૫૨ ,૧ ૨૩૨૫૩ ,૧૨૩૨૫૪ ના ચેક ખોવાઈ ગયાનો ઉલ્લેખ છે અને તેમાં ચેક પરત કરી લખાણ મેળવી લેવું નહીતર કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે તેનો ઉલ્લેખ છે ફરીયાદ પક્ષ દવારા આરોપી ની થયેલ ઉલટતપાસ માં આરોપી એ જણાવેલ છે કે,

` આંક ૩૧ ની અરજીમાં તારીખ , રકમ અને ચેક નંબર નો ઉલ્લેખ છે તેમજ આંક ૦૯ ના ચેકની તારીખ અને રકમ આંક ૩૧ ની અરજી ના ચેક નંબર ૨ સાથે મળતી આવેલ છે તેમજ આંક ૩૦ ના સ્ટેટમેન્ટ મુજબ ચેક નં ૧૨૩૨૫૧ થી નારાયણ ને રૂ. ૫,૦૦૦/– આપેલા છે તેમજ તા.૨૫/૦૨/૧૪ ના રોજ ચેક નં ૧૨૩૨૫૨ રીર્ટન થયેલાની નોઘ છે તેમજ તા.૨૨/૦૭/૧૪ ના રોજ ખાતું બંઘ કરાવેલ ત્યારે ચેક નં ૧૨૩૨૫૫ થી રૂ. ૫૩૫/– વિડ્રો કરેલ છે તેમજ આંક ૩૦ માં રૂ. ૧૫૦/– રીનેકશન ચાર્જીસ ત્રણ વખત ઉઘારેલ છે જે ત્રણ ચેકનું સ્ટોપ પેમેન્ટ કરાવેલ તેના છે તેમજ ત્રણ ચેક મીસ પ્લેસ થયેલા તેવું જણાવેલ છે તે બાબતે કોઈ પોલીસ ફરીયાદ કરેલ નથી તેમજ આંક ૩૨ ની સ્ટોપ પેમેન્ટ ની અરજી માં ચેકની રકમ દર્શાવેલ છે તેમજ સ્ટોપ પેમેન્ટ ની અરજીમાં ચેકની રકમ દર્શાવેલ છે તેમજ સ્ટોપ પેમેન્ટ ની અરજી માં ચેકની રકમ દર્શાવેલ છે તે રકમ ખાતામાં કયારેય જમા ન હતી તેવું જણાવેલ છે.

આમ આરોપીની જુબાની મુજબ તેઓ એ આંક ૩૧ ની અરજી આપી તકરારી ચેક નું સ્ટોપ પેમેન્ટ કરાવી દીધેલ છે. જેથી આંક ૩૧ થી રજુ દસ્તાવેજી આધાર દયાને લેવામાં આવે તો શ્રીજી એપરલ્સ ના લેટર પેડ પર તા.૧૨/૦૨/૧૪ ના રોજ શ્રીજી એપરલ્સ ના પ્રોપરાઈટર એ રબ્બર સ્ટેમ્પ લગાવી સહી કરી યુનિયન બેંક ઓફ ઈન્ડિયાની ડ્રાઈવ ઈન રોડ શાખામાં સ્ટોપ પેમેન્ટ ની અરજી આપેલ છે જે અરજી સ્વીકારનાર એ તા.૧૪/૦૨/૧૪ ના રોજ અરજી સ્વીકાર્યા ની અવાચ્ય સહી કરેલ છે આ અરજી માં શ્રીજી એપરલ્સ ના ખાતા નં ૫૫૭૯૦૧૦૧ ૦૦૫૦૨૬૧ માં ચેક નં ૧૨૩૨૫૨ ,તા.૧૮/૦૨/૧૪ , રૂ. ૧,૫૦,૦૦૦/- તથા ચેક નં ૧૨૩૨૫૩ ,તા.૧૯/૦૨/૧૪ , રૂ. ૧,૫૦,૦૦૦/- તથા ચેક નં ૧૨૩૨૫૪ ,તા.૨૦/૦૨/૧૪ , રૂ. ૨,૦૦,૦૦૦/- નું સ્ટોપ પેમેન્ટ કરવાનું દર્શાવેલ છે અને આ અરજી માં '' We request you to make stop payments of the cheques issued by us. Action in this matter will be highiy appreciated "

આમ આંક ૩૧ ની સ્ટોપ પેમેન્ટ ની અરજી માં જ શ્રીજી એપરલ્સ ના પ્રો પરાઈટર એ ચેક નનં ૧૨૩૨૫૩ નો તા.૧૯/૦૨/૧૪ નો રૂ. ૧,૫૦,૦૦૦/- નો પોતે ઈશ્યુ કરેલ હોવાનો ઉલ્લેખ કરેલ છે . વધુમાં આ અરજી માં શ્રીજી એપરલ્સ ના પ્રોપરાઈટર એ આ ત્રણેય ચેક મીસ પ્લેસ થઈ ગયેલ હોવાનો ઉલ્લેખ કરેલ નથી વધુમાં આરોપીની આંક ૩૬ ની જુબાની માં ઉલટતપાસ માં આરોપી એ સ્વીકાર કરેલ છે કે હાલના ચેક સિવાય પણ બે ચેક અંગે તેઓની સામે ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ ૧૩૮ મુજબની ફરીયાદ થયેલ છે તેમજ દીપ્તીબેન જશંવતલાલ એ તેઓની સામે મેટ્રો કોર્ટ નં ૨૮ માં ક્રિમીનલ કેસ નં ૫૪૧/૧૫ થી ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ ની એકટ ની કલમ ૧૩૮ મુજબની ફરીયાદ કરેલ

છે અને ત્યાં તેઓ હાજર થાય છે તેવું જણાવેલ છે .વધુમાં આરોપી એ ચેક મીસ પ્લેસ થઈ ગયેલ હોય તેવું સ્ટોપ પેમેન્ટ ની અરજી માં દર્શાવેલ નથી તેમજ આરોપી ના ત્રણ ચેક મીસ પ્લેસ થઈ ગયેલ હોય તે બાબતે આરોપી એ પોલીસ ફરીયાદ આપેલ હોય તેવો કોઈ દસ્તાવેજી આધાર આ કામે રજુ કરેલ નથી. તેમજ સ્ટોપ પેમેન્ટ ની અરજી માં આરોપી એ તેઓના દવારા ઈશ્યુ કરેલ ચેક નું સ્ટોપ પેમેન્ટ કરવાનું છે. તેવો સ્પષ્ટ ઉલ્લેખ કરેલ છે તેમજ આ કામે રજુ થયેલ આંક ૦૯ મુજબનો ચેક રૂ. ૧,૫૦,૦૦૦/– નો તા.૧૯/૦૨/૧૪ ના રોજ નો હોવાનો આરોપી એ સ્ પષ્ટ ઉલ્લેખ કરેલ છે. તેમજ અન્ય બે ચેક નું પણ સ્ટોપ પેમેન્ટ કરાવેલ હોવાનો ઉલ્લેખ છે અને અન્ય બે ચેક બાબતે પણ ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ ૧૩૮ મુજબની ફરીયાદ આરોપી સામે થયેલ છે તેવું આરોપી એ જણાવેલ હોય જેથી તકરારી ચેક નું સ્ટોપ પેમેન્ટ આરોપી એ ઈરાદાપુર્વક કરાવેલ હોવાનું જણાય આવે છે.

વધુમાં આંક ૦૯ ના ચેક માં કરવામાં આવેલ સહી તથા આંક ૩૬ થી રજુ ખાતું ખોલાવ્યાના ફોર્મ માં કરવામાં આવેલ સહી અને આંક ૩૧ અને આંક ૩૨ ના પત્ર માં કરવામાં આવેલ સહી પ્રથમ દર્શનીય રીતે જ એકસમાન જણાય આવે છે. વધુમાં આંક ૧૫ થી રજુ નોટીસના જવાબને દયાને લેતાં તેમાં આરોપી એ તકરારી ચેક માં પોતાની સહી નથી તેવો બચાવ લીધેલ નથી.જેથી તકરારી ચેક માં આરોપીની સહી નથી તેવો આરોપી પક્ષનો બચાવ ગ્રહય રાખી શકાય તેમ નથી.

વધુમાં આ કામે આંક ૧૯ થી આરોપી પક્ષના સાહેદ રણજીત વેણુગોપાલ નાયર ની સોગંદ પરની જુબાની સમયે ચેક નં ૧૨૩૨૫૩ બાબતે સ્ટોપ પેમેન્ટ ના કોઈ ચાર્જીસ લેવામાં આવેલ નથી તેવું પુછવામાં આવેલ હોય અને આંક ૦૯ ના ચેક નો ઝેરોક્ષ સ્કેન કરી ને રીર્ટન મેમો આપવામાં આવે છે તેવો સાહેદ દવારા ઉલ્લેખ

કરવામાં આવેલ હોય અને આ કામનું રેકર્ડ દયાને લેતાં એનેક્ષર ડી થી રજુ ચેક નં ૧ ૨૩૨૫૩ ના રીર્ટન મેમો ને આંક આપવામાં આવેલ ન હોય જેથી આ દસ્તાવેજી આધાર ને આંક ૪૦ આપવામાં આવે છે.

વધુમાં આંક ૧૦ થી રજુ ચેક નં ૧૨૩૨૫૩ નો રીર્ટન મેમો દયાને લેવામાં આવે તો ફરીયાદીની બેંક એ તા.૧૧/૦૪/૧૪ ના રોજ તકરારી ચેક નં ૧૨૩૨૫૩ નો રૂ.૧,૫૦,૦૦૦/– નો '' ફંડસ ઈનસફીસીયન્ટ ' ના શેરાથી પરત આવેલ હોવાની જાણ કરતો રીર્ટન મેમો છે જેથી આંક ૦૯ નો તકરારી ચેક આંક ૪૦ ના રીર્ટન મેમા મુજબ ફંડસ ઈનસફીસીયન્ટ ' ના શેરાથી પરત આવેલ હોવાનું સ્પષ્ટપણે પુરવાર થાય છે.

વધુમાં આંક– ૧૦ થી રજુ ડિમાન્ડ નોટીસની નકલને ધ્યાને લેતાં તે નોટીસ તા.૨૬/૦૪/૧૪ ના રોજની છે જેમાં રીર્ટન થયેલ ચેકના નાણા દિન ૧૫ માં ચુકવી આપવા તેવો સ્પષ્ટ ઉલ્લેખ કરવામાં આવેલ છે. આ નોટીસ તા.૨૬/૦૪/૧૪ ના રોજ આરોપીના રહેણાંક અને ધંધાના સ્થળે આપવામાં આવેલ હોવાની આર.પી.એડી ની પહોચ આંક ૧૧,૧૨ થી રજુ કરેલ છે. તેમજ આંક ૧૩ થી રજુ આર.પી.એડી ની એકનોલેજમેન્ટ દયાને લેતાં આરોપી ના ધંધાના સરનામે મોકલેલ આર.પી.એડી કવર તા.૨૮/૦૪/૧૪ ના રોજ સ્વીકારવામાં આવેલ હોવાની અંગ્ર ેજીમાં અવાચ્ય સહી છે અને આર.પી.એડી સ્વીકારના ર એ ૯૩૭૪૮૦૬૦૫ તેવો નંબર લખેલ છે વધુમાં આંક ૧૪ થી રજુ આર.પી.એડી ની એકનોલેજમેન્ટ દયાને લેતાં આરોપી ના રહેણાંક ના સરનામે મોકલેલ આર.પી.એડી કવર સ્વીકારવામાં આવેલ હોવાની અંગ્રેજીમાં અવાચ્ય સહી છે વધુમાં ફરીયાદ પક્ષ તરફે આંક ૧૫ થી રજુ દસ્તાવેજી આધાર દયાને લેતાં તેમાં તા.૨૯/૦૪/૧૪ ના રોજની નોટીસનો લેખિત જવાબ આપતા હોવાનો તા.૦૫/૦૫/૧૪ ના રોજ ના

નોટીસના જવાબ માં ઉલ્લેખ છે. જેથી આરોપીને સમયમર્યાદામાં નોટીસ મોકલેલ હોવાનું સ્પષ્ટપણે પુરવાર થાય છે.

૧૫. વધુમાં, નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૧૮ અને ૧૩૯ ની જોગવાઈઓને ધ્યાને લઈ ને નામ. સુપ્રીમ કોર્ટના કિશનરાવ વિ. શંકરગૌડા ના ચુકાદાના માર્ગદર્શક સિદધાંતો ને દયાને લેવામાં આવે તો તેમાં સ્પષ્ટપણે જણાવવામાં આવેલ છે આરોપી એ પોતાનો બચાવ પોતાના પુરાવા થી કરવાનો રહે છે આ કામે આરોપી એ રજુ કરેલ મૌખિક કે દસ્તાવેજી પુરાવા દયાને લેતાં આરોપી એ આંક ૩૧ મુજબની સ્ટોપ પેમેન્ટ ની અરજી આપેલ તેમાં ચેક નં ૧૨૩૨૫૩ નો તા.૧૯/૦૨/૧૪ નો રૂ. ૧,૫૦,૦૦૦/– નો પોતે ઈશ્યુ કરેલ હોવાનું જણાવેલ છે અને તેનું સ્ટોપ પેમેન્ટ કરવાનું હોવાનું જણાવેલ છે વધુમાં આરોપી એ પોતાની સોગંદ પરની જુબાની માં તેઓ શ્રીજી એપરલ્સ ના નામથી એમ્બ્રોડરી નું જોબ કામ કરતા હોવાનું જણાવેલ છે જયારે આંક ૧૫ ના નોટીસના જવાબ માં તેઓ શ્રીજી એપરલ્સ ના નામથી નવરંગપુરા મુકામે કાપડનો શોરૂમ ધરાવતા હોવાનું જણાવેલ છે આમ આરોપી એ પોતાના પુરાવામાં જ આંક ૧૫ થી રજુ નોટીસના જવાબ થી વિરોધાભાસી પુરાવાઓ રજુ કરેલ હોય ફરીયાદીનું આરોપી સામેનું કાયદેસરનું લેણું નથી અને તકરારી ચેક માં આરોપી ની સહી નથી અને આરોપી એ ફરીયાદી ને ચેક આપેલ નથી તેવી આરોપી પક્ષની આ દલીલ ગ્રહય રાખી શકાય તેમ નથી.

આમ, આરોપીપક્ષ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૧૮ અને કલમ–૧૩૯ નું ખંડણ કરી શકેલ નથી જયારે ફરીયાદી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ની જોગવાઈઓ મુજબ પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરવામાં સફળ ગયેલ છે.

૧૬. ઉપરોકત તમામ હકીકતોને ઘ્યાને લેતાં આરોપી સામે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ અન્વયેનો ગુન્હો નિ:શંકપણે પુરવાર થયેલ હોવાનું અદાલત માને છે. આમ,આરોપી પાસેથી ફરીયાદી એ ઉધાર માં રૂ. ૧ ,૫૦,૦૦૦/– નો માલ લીધેલ હોવાનું અને ફરીયાદીનું આરોપી સામેનું કાયદેસરનું લેણું હોવાનું સ્પષ્ટપણે પુરવાર થાય છે. અને આરોપી એ પોતાની સહી કરી ચેક આપેલ હોવાનું અને આ ચેક ફંડસ ઈનસફીસીયનટ ના શેરા થી પરત આવેલ હોવા છતાં નોટીસ આપવા છતાં ફરીયાદીને ચેકના નાણા ચુકવેલ નથી અને આંક–૦૯ ના ચેકની રકમ રૂા.૧,૫૦,૦૦૦/– ચુકવી આપવાની નોટીસ મોકલવા છતાં ચુકવી આપેલ નથી તે હકીકત સ્પષ્ટરીતે પુરવાર થાય છે. તેવા સંજોગોમાં મુદૃા નં.૧ નો નિર્ણય હકારમાં ઠરાવી મુદૃા નં.–૨ પરત્વે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

:: હુકમ ::

આ કામે તા.૦૬/૧૦/૨૦૧૬ ના રોજ ક્રિ. પ્રો. કોડની કલમ–૩૧૩ અન્વયે આરોપીઓનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ.જેમાં આરોપીએ પોતે સોગંદ ઉપર જુબાની આપવી છે અને બચાવના સાહેદ તપાસવા છે તેવું જણાવતા આરોપી પક્ષના સાહેદ અને આરોપીની સોગંદ પર જુબાની આપેલ છે. ત્યારબાદ આરોપી દવારા તા.૨૭/૦૧/૧૭ ના રોજ તકરારી ચેક ખરાઈ માટે સક્ષમ અધિકારી સમક્ષ મોકલવાની અરજી આપવામાં આવેલ તે અરજી લગત બન્ને પક્ષો ને સાંભળ્યા બાદ તે સમયના મેજીસ્ટ્રેટ સાહેબશ્રી એ તા.૦૬/૦૨/૧૭ ના રોજ હુકમ કરી અરજી નામંજુર કરેલ છે. ત્યારબાદ સદર કામ દલીલ ના સ્ટેજ પર આવેલ છે અને આરોપી કે તેમના વિદવાન વકીલશ્રી મુદતના રોજ હાજર રહેલ નથી દરમિયાન ફરીયાદી તરફે દલીલ થયેલ છે પરતુ આરોપી કે તેમના વિદવાન વકીલશ્રી

હાજર રહેલ નથી અને આરોપી પક્ષ તરફે લેખિત કે મૌખિક રજુઆત થયેલ નથી જેથી આરોપી પક્ષની દલીલ નો હકક બંધ કરવામાં આવેલ છે. અને આરોપી હાજર ન રહેતા આરોપી સામે બિનજામીનપાત્ર વોરન્ટ કાઢ વાનો હુકમ કરવામાં આવેલ છે અને આરોપી સામે બીનજામીનપાત્ર વોરંટ કાઢવા છતાં આરોપી મળી ન આવતા ફરીયાદ પક્ષ તરફે આરોપીઓની ગેરહાજરીમાં જજમેન્ટ જાહેર કરવાની રજુઆત કરવામાં આવેલ છે જેથી હાલના કેસના સંજોગોને ઘ્યાને લઈ નામદાર ગુજરાત હાઈકોર્ટના શરદ જેઠાલાલ સાલવા વિ. સ્ટેટ ઓફ ગુજરાત,૨૦૧૬(૦)એઆઈજેઈએલ – હાઈકોર્ટ ૨૩૬૮૪૯ ના ચુકાદા મુજબ ક્રિ. પ્રો.કોડની કલમ–૩૧૭, ૩૫૩,૩૮૯ ની જોગવાઈ ઘ્યાને લઈ તથા નામદાર ગુજરાત હાઈકોર્ટના શરદ જેઠાલાલ સાલવા વિ. સ્ટેટ ઓફ ગુજરાત,૨૦૧ ૬(૦)એઆઈજેઈએલ – હાઈકોર્ટ ૨૩૬૮૪૯ ના ચુકાદાના માર્ગદર્શક સિઘ્ધાંતોને ઘ્યાને લઈ આ કામના તહોમતદારની ગેરહાજરીમાં ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૫(૨) અન્વયે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧ ૩૮ના ગુના સબબ તકસીરવાન ઠરાવી, ફરીયાદપક્ષને સજા બાબતે સાંભળવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તા.૨૨ માહે જુલાઈ, સને–૨૦૧૯ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ: ૨૨/૦૭/૨૦૧૯.
સ્થળ : અમદાવાદ.

(વિનયકુમાર દશરથલાલ મોઢ)
કોડ નં.જી.જે.૦૧૦૩૩
અધિક ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ, કોર્ટ નં.–૩૫
અમદાવાદ.

૧૭. સદર કામે આરોપીની ગેરહાજરીમાં ફરીયાદીને સજા બાબતે સાંભળવામાં આવેલ છે અને ફરીયાદીના વકીલશ્રી હાજર છે ફરીયાદી તરફે વિ.વ.શ્રીએ દલીલ કરેલ છે કે, આરોપી એ ફરીયાદી ને કાયદેસરના લ ેણા પેટે ચેક આપેલ તે ચેક 'અપુરતા ભંડોળ'ના કારણસર પરત ફરેલ છે જેથી આરોપીએ આર્થિક અપરાધ કરેલ હોઈ આરોપીને પૂરેપૂરી સજા તથા વધુમાં વધુ દંડ કરી, ચેકની રકમની બમણી રકમ વળતર તરીકે ચુકવી આપવાનો હુકમ કરવા જણાવેલ છે.

૧૮. આ કામે સદર સંજોગો લક્ષમાં લેતાં અને જયારે આરોપીને દોષીત માનવામાં આવેલ છે અને તે સાથે જોવામાં આવે તો આરોપી વિરૂધ્ધ ધી નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૮ અન્વયે શિક્ષાપાત્ર ગુનામાં ૨ વર્ષ સુધીની શિક્ષા અથવા ચેકથી બમણી રકમ સુધીનો દંડ અથવા બંને પ્રકારની સજા અને ક્રી.પ્રો. કોડની કલમ–૩૫૭ અન્વયે વળતર કેસના સંજોગો પ્રમાણે અપાવી શકાય છે. પ્રસ્તુત કેસના સંજોગોને ધ્યાને લેતાં તથા આરોપીને દોષીત ઠરાવવા માટેના ન્યાય નિર્ણયને વંચાણે લઈ ન્યાયના હીતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

:: આખરી હુકમ ::

(૧) આ કામના આરોપી રૂચી આકાશ બાંગા તે મેસર્સ શ્રીજી એપરલ્સ ના માલિક ને ધી નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ– ૧૩૮ મુજબના શિક્ષાપાત્ર ગુનામાં તકસીરવાન ઠરાવી ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૫(૨) અન્વયે ૦૨ (બે) વર્ષની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે. અને ચેકની રકમ ની બમણી એટલે કે રૂ. રુા. ૩,૦૦,૦૦૦/– (રૂપિયા

ત્રણ લાખ પૂરા) નો દંડ નો હુકમ કરવામાં આવે છે. અને દંડની રકમ ભરવામાં કસુર કરે થી આરોપી એ વધુ ત્રણ માસ ની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.

(૨) આ કામના આરોપી એ દંડની રકમ જમા કરાવ્યેથી તેમાંથી આ કામના ફરીયાદીને ક્રિ.પ્રો. કોડની કલમ–૩૫૭(૩) અન્વયે રુા. ૨,૫૦,૦૦૦/– (રૂપિયા બે લાખ પચાસ હજાર પૂરા) વળતર તરીકે ચૂકવી આપવાનો હુકમ કરવામાં આવે છે અને બાકીની રકમ રૂ. ૫૦,૦૦૦/– સરકારશ્રી માં જમા કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આરોપી એ અગાઉ આપેલ જામીન અને જાતમુચરકા રદ કરવામાં આવે છે.

(૪) આરોપી ની ઈરાદાપુર્વક ની ગેરહાજરી બદલ આરોપી ની ગેરહાજરીમાં જજમેન્ટ જાહેર કરવામાં આવેલ હોય જેથી આરોપી સામે બિનજામીનપાત્ર વોરન્ટ કાઢવાનો હુકમ કરવામાં આવે છે.

(૫) આરોપી ને પકડીને રજુ કરવામાં આવે અથવા આરોપી જાતે હાજર રહેલ ત્યારે આ હુકમની નકલ આરોપી ને ક્રિ.પ્રો.કોડની કલમ–૩૬૩ અન્વયે વિનામૂલ્યે પૂરી પાડવી.

હુકમ આજ રોજ તા.૨૨ મી માહે જુલાઈ , સને–૨૦૧૯ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ: ૨૨/૦૭/૨૦૧૯ **(વિનયકુમાર દશરથલાલ મોઢ)**
સ્થળ : અમદાવાદ. **કોડ નં.જી.જે.૦૧૦૩૩**
અધિક ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટ, કોર્ટ નં.–૩૫
અમદાવાદ.